જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૧૨/૨૦૧૭ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૫૭૯/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૭૬ કેસ કરી, ૫૮ વ્યક્તિઓને ઝડપી, ૨૨૮ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૨ બીયરટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યું હતુ તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૦૬ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૩૧,૧૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૫૮૦/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ઘરફોડ ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૮૧/૧૭</u>**

**સરખેજ :** રામભાઇ ભોડીદાસ પટેલ (રહે,જોષીવાસ જુની પંચાયત ઓફીસ પાસે આંબલીગામ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૧૨/૧૭ ના કલાક ૨/૩૦ વાગ્યાના સુમારે આંબલીગામ ભોદરદાસ હોલ પાસે આવેલ આર.જે.ત્રીવેદી સુવર્ણ મંદીર વૃધ્ધાશ્રમના મુખ્ય દરવાજાનો કાચ તોડી, ટ્રસ્ટની ઓફીસનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી, લાકડાના કબાટમાથી રોકડ રૂપિયા ૪૫,૦૦૦/- મુકેલ પાકીટ ની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી એન.પી.સોનારા ચલાવે છે.

**<u>ગાડીનો કાચ તોડી ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૮૨/૧૭</u>**

**સેટેલાઇટ :** સુમીતરોય સુશાંતકુમારરોય (ઉ.વ.૪૫)(રહે,સાંગરીલા બંગ્લોઝ વિભાગ-૧ સેલ પેટ્રોલ પંપની પાસે હેબતપુરા રોડ થલતેજ) એ તા.૨૩/૧૨/૧૭ બપોરના ૩/૦૦ થી ૩/૩૦ સુધીના સમયગાળા દરમ્યાન શીવરંજની ચાર રસ્તા પાસે શીતલ વર્ષના કોમ્પલેક્ષની આગળ રોડ ઉપર પાર્ક કરેલ પોતાની કારના ડાબી સાઇડનો પાછળના દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી લેપટોપ કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- તથા એપલ કંપનીનો મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ અંગેની ફરીયાદ સુમીતરોયે સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી ડી.એન.સાધુ ચલાવે છે.

**નજર ચુકવી ચોરી :-** **સમાચાર યાદી નં.૨૫૮૩/૧૭**

**દરીયાપુર :** સંજયભાઇ વ્રજલાલ મદલાણી (ઉ.વ.૫૦)(રહે,રાગ કુષ્ણકુંજ સોસાયટી શેરી નંબર-૩ અલ્કાપુરી મેઇન રોડ, રૈયા રોડ, રાજકોટ) એ તા.૨૩/૧૨/૧૭ નારોજ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૧૨/૧૭ બપોરના ૧/૧૫ થી ૧/૩૦ સુધીના સમયગાળા દરમ્યાન કાલુપુર રેવાભાઇ ધર્મશાળા થી કુટ માર્કેટ માવા માર્કેટ સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન ઓટોરીક્ષાનો ડ્રાઇવર અને ત્રણ અજાણ્યા માણસોએ ભેગામળી સંજયભાઇ ના પેન્ટના ખિસ્સામાંથી સંજયભાઇની નજર ચુકવી રોકડ રૂપીયા ૫૦,૦૦૦/- ચોરી કરી નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.રાણા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૫૮૪/૧૭**

**નારોલ :** મનિષકુમાર અજીતભાઇ ભાવસાર (ઉ.વ.૪૩)(રહે,સિધ્ધાંત વિહાર દેવીમાતાના મંદિર પાસે ઓમશાંતીનગર ની બાજુમા નારોલ) એ ધંધામા લીધેલ પૈસા તેમજ લોન બાબતે કેટલાક દિવસથી ચિંતામા રહેતા હોઇ, તા.૨૩/૧૨/૧૭ ના કલાક ૧૦/૫૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે વટવા ઇસનપુર રોડ ઉપર આવેલ પુષ્પમ કોમ્પલેક્ષ ખાતે પ્રથમ માળે કોઇ દવા પી લઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી નરસિંહ રૂપસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.